सत्यमेव जयते

---

**ડાકોરના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ.ડાકોર, તા. ઠાસરા, જી. ખેડા**

---

**Dakor Police station, Dist. Kheda**
**F.I.R. No.11204021260127/2026**
**ફોજદારી કેસ નંબર : ૩૪૫/૨૦૨૬**
**આંક :-**

**<u>ફરીયાદી</u> :- શ્રી સરકાર...**

**-:: <u>વિરૂધ્ધ</u> ::-**

**આરોપી :- વિપુલકુમાર અભેસિંહ ચૌહાણ**

**સરનામુ :- ઘરખુણીયા ગામ મેલડી માતાજીના મંદીર પાસે, તા.ઠાસરા, જી.ખેડા.**

---

**ગુન્હો :- ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫ એ, ઈ,૮૧, ૮૩, ૧૧૬ બી મુજબ**

---

// ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી.એમ. એમ.ઝાલા//

// આરોપી તરફે વિ.વ.શ્રી. એસ. બી. આહિર //

---

**<u>-::ચુકાદો::-</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા. ૦૭.૦૩.૨૦૨૫ ના રોજ કલાક.૧૬:૧૫ થી કલાક ૧૮:૧૫ વાગ્યા દરમ્યાન મોજે ઘરખુણીયા ગામ વેરાઈ માતાજીના લીમડા પાસે આવેલ ખેતરમાં ઝુપડા પાસે આ કામના આરોપી વિપુલકુમાર અભેસિંહ ચૌહાણનાઓ પોતાના કબ્જા ભોગવટામાં પ્લાસ્ટીકના કંતાન નીચે કુલ.૧૫ મોટા પુઠાના બોક્ષ હતા જે એક બોક્ષમાં કુલ.૦૪ નાના પુઠાના બોક્ષ લેખે કુલ ૬૦ નાના બોક્ષ હતા તેમજ બીજા ત્રણ બોક્ષ નાના છુટા હતા જે એક નાના બોક્ષમાં કુલ ૪૮ નંગ કવાર્ટર લેખે કુલ.૬૩ પુઠાના બોક્ષમાં કુલ.૩૦૨૪ જેની આશરે કુલ

કિ.રૂા.૩,૦૨,૪૦૦/–તથા ઓપો કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ, કિ.રૂા.૫૦૦૦/– તથા અંગ ઝડતીમાંથી મળી આવેલ રોકડા રૂા.૨૦૦/– મળી કુલ ૩,૦૭,૬૦૦/–નો મુદામાલ રાખી સ્થળ ઉપરથી મળી આવી પકડાઈ જઈ તથા સદર ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મોકલી આપનાર આરોપી નં.૨ રતનસિંહ જબ્બરસિંહ રાજપુત, રહે.બાકરોલ, તા.જી.આણંદનાઓ તપાસ દરમ્યાન હાજર નહી મળી આવી ગુનો કરેલ હોય હાલના આરોપી વિરૂધ્ધ **ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ, ઈ,૮૧, ૮૩, ૧૧૬ બી મુજબ**ના **મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે આખરી અહેવાલ ક્રમાંક/ચાર્જશીટ નંબર–૯૧/૨૦૨૬ થી** ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરતા, સદર કેસ ઉપસ્થિત થયેલ છે

(૨) ત્યારબાદ ચાર્જશીટ દાખલ થતાં આરોપીને સમન્સ કરવામાં આવેલ. જે લગત આરોપીનાઓ કોર્ટ રૂબરૂ હાજર થતાં **ધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ ૨૩૦** મુજબ કેસના પેપર્સની નકલો વિના મુલ્યે આરોપીને આપવામાં આવેલ અને **આંક ૪ થી આરોપીનાઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવવામાં આવેલ, જેમા આંક ૫ થી આરોપીની** ઉપરોકત ગુના અંગેની પ્લી લેવામાં આવતા આરોપીનાઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા આ કામે ફરીયાદ પક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૩) ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–**

**<u>મૌ ખિ ક પુ રા વો ::–</u>**

| નંબર | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ પ્રકાશકુમાર પ્રભાશંકર પંડયા | ૬ |
| ૨ | અ.પો.કો.શૈલેષકુમાર અર્જુનભાઈ ચૌહાણ | ૮ |
| ૩ | અ.હેડ.કો.ગીરીશભાઈ અંબાલાલ | ૯ |
| ૪ | ફરીયાદી અ.પો.કો.રાજેન્દ્રસીંહ રમેશભાઈ | ૧૦ |
| ૫ | પંચ સાહેદ વહોરા ઈમરાનભાઈ સફીમહમંદ | ૧૨ |
| ૬ | ત.ક.અ.અ.હે.કો.હરજીભાઈ નાગજીભાઈ | ૧૩ |

**દ સ્તા વે જી પુ રા વો ::–**

| નંબર | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૭ |
| ૨ | ફરિયાદ | ૧૧ |

આમ ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ છે.ત્યારબાદ ફરીયાદપક્ષ વધુ પુરાવા રજુ કરવા માંગતા ન હોય તે અંગેની મૌખિક રજુઆત અત્રેની કોર્ટમાં કરેલ છે.

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે એ.પી.પી. શ્રી તથા આરોપી તરફે તેમના વિ.વ.શ્રી. ની દલીલો સાંભળી.

**(૫) સબબ, ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે:–**

1. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ પુરવાર કરે છે કે, ગઈ તા. ૦૭. ૦૩. ૨૦૨૫ ના રોજ કલાક.૧૬:૧૫ થી કલાક ૧૮:૧૫ વાગ્યા દરમ્યાન મોજે ઘરખુણીયા ગામ વેરાઈ માતાજીના લીમડા પાસે આવેલ ખેતરમાં ઝુપડા પાસે આ કામના આરોપી વિપુલકુમાર અભેસિંહ ચૌહાણનાઓ પોતાના કબ્જા ભોગવટામાં પ્લાસ્ટીકના કંતાન નીચે કુલ.૧૫ મોટા પુઠાના બોક્ષ હતા જે એક બોક્ષમાં કુલ.૦૪ નાના પુઠાના બોક્ષ લેખે કુલ ૬૦ નાના બોક્ષ હતા તેમજ બીજા ત્રણ બોક્ષ નાના છુટા હતા જે એક નાના બોક્ષમાં કુલ ૪૮ નંગ કવાર્ટર લેખે કુલ.૬૩ પુઠાના બોક્ષ માં કુલ.૩૦૨૪ જેની આશરે કુલ કિ.રૂા.૩,૦૨,૪૦૦/–તથા ઓપો કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ, કિ.રૂા.૫૦૦૦/– તથા અંગ ઝડતીમાંથી મળી આવેલ રોકડા રૂા.૨૦૦/– મળી કુલ ૩,૦૭,૬૦૦/–નો મુદામાલ રાખી સ્થળ ઉપરથી મળી આવી પકડાઈ જઈ તથા સદર ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મોકલી આપનાર કોલમ નં.૨ માં જણાવેલ આરોપી નં.૨ રતનસિંહ જબ્બરસિંહ રાજપુત, રહે.બાકરોલ, તા.જી.આણંદનાઓ તપાસ દરમ્યાન હાજર નહી મળી આવેલ આરોપી સાથે ગુનામાં મદદગારી કરી **ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ, ઈ,૮૧, ૮૩, ૧૧૬ બી મુજબ**ના શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?
2. શું હુકમ ?

**(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**(૭) મુદ્દા નં. ૧ ::–**

**૭.૧** આ કામે ફરીયાદપક્ષ તરફે **<u>આંક ૬ અને ૧૨</u>** પંચને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં **<u>આંક ૭</u>** થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. તે સિવાય પંચનામાની કોઈપણ વિગત અંગે કંઈપણ હકીકત જણાવતા નથી

**૭.૨** સદર કામે **<u>આંક ૧૦ થી ફરીયાદી</u>**ને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં ફરિયાદને અનુરૂપ જુબાની આપે છે વધુમાં તેઓ **આંક ૧૧ થી રજુ ફરિયાદ**માં તેઓની સહી ઓળખી બતાવે છે.**ઉપરાંત અન્ય પોલીસ સાહેદોને તપાસવામાં આવેલ છે** અને **આંક ૧૩ થી ત.ક.અમલદાર**નાઓને તપાસવામાં આવેલ છે સદર સાહેદો પોતાની જુબાનીમાં ફરિયાદપક્ષને સમર્થનકારી જુબાની આપે છે પરંતુ આ કામે પરંતુ આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ–તપાસમાં ફરિયાદના સમર્થનને ખંડન કરતી હકિકતો તથા પોલીસ તપાસમાં તૃટીઓ અને આરોપીને શંકાનો લાભ મળે તેવી હકીકતો બચાવપક્ષ દ્વારા રેકર્ડ પર લાવવામાં આવેલ છે.

**૭.૩** સદર ઉલટ તપાસની ચર્ચા પુરાવાના મુલ્યાંકનમાં એકસાથે કરી લેવામાં આવેલ હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી અત્રે તેની ચર્ચા કરવામાં આવેલ નથી.

(૮) **<u>પુરાવાનું મુલ્યાંકન</u> :–**

- આ કામે ફરિયાદની હકીકત જોતાં બનાવવાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર હોવાનું જણાઈ આવે છે. તે ઘ્યાને લેતાં આ કામે સ્વતંત્ર સાહેદો અને પંચો સહેલાઈથી મળી રહે તેમ માનવાને કારણ છે. જ્યારે સમગ્ર પુરાવો વંચાણે લેતાં આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી કે સ્વતંત્ર સાહેદોને સાક્ષી તરીકે તપાસવામાં આવેલ નથી, વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચ સ્થાનિક રહેવાસી ન હોવાનું જણાય આવે છે.
- સદરહુ પંચ પોતાની જુબાનીમાં સહી સિવાય પંચનામાની કે ગુનાની વિગત અંગે કંઈપણ બાબત જણાવતા નથી, તેથી આ કામે પંચો ફરી ગયેલ છે તેથી બંને પંચોની બનાવવાળી જગ્યાએ હાજરી શંકાસ્પદ જણાઈ આવે છે.
- ઉપરોક્ત હકિકત ઘ્યાને લેતાં તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચ સાહેદની જુબાનીથી ફરિયાદપક્ષ, આરોપી વિરૂઘ્ધનુ તહોમત પુરવાર કરી શકેલ નથી. તપાસેલ પોલીસ સાહેદની જુબાની દ્વારા ફરિયાદીની

હકિકતને સમર્થન કરે તે સ્વાભાવિક છે પરંતુ આ કામે ફરિયાદપક્ષ તરફથી અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી ત્યારે **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધસુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧) ૨૬ જી.એચ.જે.(૧)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાને લેતાં જ્યારે પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન ન કરતા હોય, ત્યારે પોલીસ ફરિયાદી તથા તપાસકર્તા અધિકારીના પુરાવા પર માત્ર આધાર રાખવો એ સલાહભર્યુ ગણાય નહિ. વધુમાં તપાસવામાં આવેલ પંચની જુબાની ધ્યાને લેતાં તેઓએ આવી કોઈ પ્રોહીબીશન અંગેની કાર્યવાહીમાં ભાગ લીધેલ હોય કે આવાકોઈ આરોપીનીપોતાની હાજરીમાં પ્રોહીબીશનનો મુદામાલ કબજે કરેલ હોય કે આરોપીની અટક કરેલ હોવાનુ જણાવેલ નથી સમગ્ર હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ પંચનામાને સાબિત કરી શકેલ નથી.

- આ તબક્કે પકડાયેલ મુદ્દામાલ દારૂ અંગે ચર્ચા કરવામાં આવે તો ગુજરાત દારૂબંધી અધિનિયમની કલમ ૧૧૬ બી મુજબ પકડાયેલ દારૂ અંગેના અનુમાનની જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ કલમ ૧૧૬ બી નીચે મુજબ છે

  > **116B. No analysis required for known brand of liquor.** - Where in any trial for any offence of unlawful possession of liquor under this Act, it is proved that the accused person was in the possession of any sealed bottle bearing the original label indicating the name of any known brand of spirits, such as whisky, brandy, rum, gin, club cup, liqueurs, milk punch, or of wines such as champagne, moselle, burgundy, chianti, white wines, clarets, hocks, riesling, meceira, ginger-wine, port type., port vermouth, sherry wincarnis, vibrona, manola, buckfast, tonic-wine or of fermented liquors such as ale, beer, milk-stout (porter), cider, and the name of its manufacturer it shall be presumed that the accused person was in possession of liquor

- સદર કલમ વંચાણે લેવામાં આવે તો તેમાં કાયદાકીય અનુમાન કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તે અનુસાર જ્યારે ઈંગ્લીશ દારૂની બોટલ પ્રોહીબીશન કાયદા હેઠળ પકડાય ત્યારે તે દારૂની બ્રાન્ડ વાળો ઈંગ્લીશ દારૂ હતો તેવું માની લેવામાં આવશે પરંતુ તે અનુમાન

ખંડનીય અનુમાન છે. તેથી અદાલત તે અંગેનુ અનુમાન કરે તે પહેલા ફરિયાદ પક્ષ તરફે તે કલમ ૧૧૬બી માં જણાવેલ તત્વો સાબિત કરવા પડે.

- સદર કલમ વંચાણે લેવામાં આવે તો તેમાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે કે જ્યારે આરોપી પાસેથી સીલબંધ ગેરકાયદેસર દારૂનો જથ્થો પકડાય અને જાણીતી બ્રાન્ડની ઓરીઝીનલ લેબલ દર્શાવતુ હોય દર્શાવતુ હોય ત્યારે તે તે ઈંગ્લીશ દારૂ તે કંપનીનો હતો તે અંગેનુ અનુમાન કરી શકાશે. સદર હુ કલમમાં ***"સીલબંધ દારૂનો જથ્થો તથા જાણીતી બ્રાન્ડનુ ઓરીઝીનલ લેબલ દર્શાવતુ હોય"*** શબ્દનો ઉપયોગ લેજીસ્લેચર દ્વારા કરવામાં આવેલ છે તે ધ્યાને લેતાં ઈંગ્લીશ દારૂ સીલબંધ હાલતમાં તથા જાણીતી બ્રાન્ડનુ લેબલ દર્શાવતુ હોય તો જ તે અનુમાન કરવામાં રહે છે.
- સદરહુ કલમ ધ્યાને લેતાં ફરિયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવો વંચાણે લેતાં આ કામના પંચ ફરી ગયેલ છે તે પંચનામાને સમર્થન આપતા નથી. તેઓ માત્ર પોતાની સહી ઓળખી બતાવે છે. ઉપરાંત સદર પકડાયેલ મુદ્દામાલ દારૂ ની બોટલ સીલબંધ હતી કે કેમ તે અંગેનો કોઈ પુરાવો ફરિયાદ પક્ષ તરફે રેકર્ડ પર લાવવામાં આવેલ નથી સદર બોટલ સીલબંધ હતી તે અંગેનો પંચો રૂબરૂ પંચનામુ કરી પંચોની સહી તે સીલબંધ બોટલ પર કરવામાં આવેલ હોય તેવી કોઈપણ હકીકત રેકર્ડ પર ફરિયાદ પક્ષ લાવી શકેલ નથી. વધુમાં તે સીલબંધ જ દારૂની બોટલ હતી તે અંગેનો કોઈ એફએસએલ નો રીપોર્ટ ફરિયાદ પક્ષ તરફે રેકર્ડ પર રજુ કરવામાં આવેલ નથી. વધુમાં પકડાયેલ મુદ્દામાલ દારૂની બોટલ આ કામના ફરિયાદી કે તપાસકર્તા અધિકારીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ હોય તેવુ બનેલ નથી. ઈંગ્લીશ દારૂની બોટલ જે કંપનીની હતી અને તે ઓરીઝીનલ સીલ હતુ તે અંગે પણ તે કંપનીની કોઈ પણ પુછપરછ કરવામાં આવેલ હોય તેવી કોઈપણ હકીકત રેકર્ડ પર ફરિયાદપક્ષ દ્વારા લાવવામાં આવેલ નથી તેથી તેવા સંજોગોમાં સદરહુ દારૂ તે જ કંપનીનો હતો કે કેમ તે પણ શંકા ઉપજાવે છે. વધુમા આરોપીના કબજામાંથી મુદામાલ દારૂ મળી આવેલ હોવાનું પણ તેઓની જુબાનીમાં જણાવેલ હકીકતથી સાબિત થતુ નથી.
- વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ***ગુજરાત રાજ્ય વિ. ભીમાભાઈ કાલીદાસ પટેલ (1984 0 Supreme(Guj) 295 )*** ના ચુકાદા પેરા ૧૦

માં ઠરાવેલ છે કે કલમ ૧૧૬ બી નુ અનુમાન ત્યારે જ થઈ શકે જ્યારે ઈંગ્લિશ દારૂ ની બોટલ સીલબંધ હોય અને તેના પર જાણીતી બ્રાન્ડનુ ઓરીઝીનલ લેબલ દર્શાવેલ હોય જે નીચે મુજબ છે,

> ***"As per the said section before a presumption can be raised thereunder it is necessary to establish in evidence that the sealed bottle was bearing the original label indicating the name of any known brands of spirits and also the name of its manufacturer. It is clear on the record of the case that at least the condition regarding the manufacturer of the bottles in question has not been fulfilled in the present case. It is therefore not possible to raise the presumption under the said sec."***

- વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઉપરોક્ત ચુકાદાને આધાર રાખી ***ધીરજલાલ ગાંડાલાલ વિ.રાજ્ય સરકાર (1990 0 Supreme(Guj) 213)*** ના ચુકાદામાં નીચેની અદાલતે કરેલ સજા નો હુકમ રદ કરેલ છે. જે નીચે મુજબ છે,

> ***"As per the said section, before a presumption can be raised thereunder, it is necessary to establish in evidence that the sealed bottle was bearing the original label indicating the name of any known brands of spirits and also the name of its manufacture. It is clear on the record of the case that at least the condition regarding the manufacturer of the bottles in question has not fulfilled in the present case. It is, therefore, not possible to raise the presumption under the said Sec. 116b. There is no other evidence in the case which connects the accused with the offence in question. "the ratio of the decision cited by the learned Counsel for the petitioners-accused is applicable to the facts of the present case. In the instant case, panchas have not supported the prosecution case, P. S. I. complainant himself has admitted in his cross-examination that the seal bearing signatures of the panchas were not affixed on the bottles and that he had not made inquiry regarding the companies whose labels were found on the bottles. P. S. I. has further admitted that he had not made any enquiry whether the seals of the bottles were original or not. Further, there is no independent cogent***

***evidence connecting the petitioners accused with the offences alleged against them. Prosecution has failed to prove that the car belonged to accused persons and that they were in possession of that car. On the contrary, panchas have deposed that the accused persons were standing near the car when they were called at the Police Station. The bottles were also lying in the Police Chowky. Neither the signatures of the panchas were obtained, nor the seal was affixed on the bottles. Under the circumstances, the learned magistrate has erred in raising presumption under Sec. 116b of the Bombay prohibition Act and the learned Addl. Sessions Judge erred in confirming the view of the learned Magistrate, though partly. Hence, the judgment and order passed by the Courts below requires to be quashed and set aside"***

- વધુમાં ત.ક.અમલદારની જુબાની ધ્યાને લેતાં તેઓ જણાવે છે કે, હાલના કામે પોલીસ સાહેદ સિવાય અન્ય સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી, તે ધ્યાને લેતાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ***AMIN BIN MOHAMMED ARAB Versus STATE OF GUJARAT [R/CRIMINAL REVISION APPLICATION NO. 151 of 2012 Dated. 10.01.2024 ]***ના ચુકાદામાં ઠરાવેલ છે કે, ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ ૧૧૬બી ત્યારે જ અનુમાન કરી શકાય જ્યારે જપ્ત કરવામાં આવેલ મુદ્દામાલ ઓરીઝનલ લેબલ હોય અને સીલબંધ બોટલ હોય, વધુમાં ઠરાવેલ છે કે, સ્વતત્ર સાહેદોના પુરાવાના અભાવે માત્ર પોલીસ સાક્ષીની જુબાની પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ, જે નીચે મુજબ છે.

5.2 From a perusal of the material on record, it is revealed that both the Courts below have given improper reasons, de hors the very fundamental principle of criminal jurisprudence that unless a person is proved guilty, he / she is deemed to be innocent and therefore, it was the duty of the prosecution to lead cogent and credible evidence, since, conjectures and surmises cannot be made basis for conviction. Further, the evidence produced or led by the prosecution should prove its case beyound reasonable doubt, against the concerned accused person. Unfortunately, there is nothing on the record to show that the prosecution

successfully proved that the shop, from which the bottles of IMFL were seized, belonged to the Revisionist. Further, ***the prosecution also does not appear to have led any cogent evidence,* so as to attract the presumption under Section 116B of the Prohibition Act and to believe that the bottles of IMFL contained original labels and their seals were in tact. In the considered opinion of this Court, there appears to be total non-application of mind on the part of the Courts below in applying the provisions of Section 106 and 114E of the Indian Evidence Act and to make the accused Revisionist to disprove the case of the prosecution. As stated above, conviction cannot be based solely on the evidence of police officials, who are interested witnesses and therefore, in absence of any independent witness or evidence, the orders passed by the Courts below cannot be sustained.***

- ઉપરોક્ત ચુકાદાને ધ્યાને લેતાં આ કામે પકડાયેલ મુદ્દામાલ દારૂ જ છે તે અંગેનુ અનુમાન કરવા માટેના પ્રથમ દર્શનીય તત્વો ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. તે ધ્યાને લેતાં પકડાયેલ મુદ્દામાલ દારૂ જ છે તે માની શકાય નહી સિવાય કે તે લગત એફએસએલ નો રીપોર્ટ રજુ કરવામાં આવેલ હોય. વધુમાં આ કામે વગર પાસ પરમીટનો દારૂના લગત કોઈ એફએસએલ નો રીપોર્ટ ફરિયાદ પક્ષ તરફે રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. તે ધ્યાને લેતા સદર જપ્ત કરાયેલ મુદ્દામાલ દારૂ જ છે તે માની શકાય નહી.
- વધુમાં પોલીસ જ આ કામે ફરીયાદી છે અને તેઓ ધ્વારા ફરીયાદ નોંધવામાં આવેલ છે અને પોલીસ ધ્વારા ગુનો નોંધી/નોંધાવી તેની તપાસ કરી ચાર્જશીટ કોર્ટમાં દાખલ કરેલ છે. સ્વતંત્ર સાહેદ સાક્ષીના નિવેદન લેવામાં આવેલ નથી તેથી આ સમગ્ર હકીકત અને ગુનાનો પ્રકાર અને સજાનુ પ્રમાણ જોતા આ કામે માત્ર ને માત્ર પોલીસ સાહેદોની જ જુબાની પર આધાર રાખી આરોપીને સજા કરવી સલામત, સલાહભર્યુ, યોગ્ય અને ન્યાયોચિત જણાતુ નથી. તેથી કેસના સંજોગો જોતાં શંકાનો લાભ આરોપીને જાય છે.

(૯) સમગ્ર હકીકત અને રજુ થયેલ પુરાવો ધ્યાને આ કામના આરોપીનાઓ પાસેથી ગુજરાત પ્રોહિબીસન એક્ટની જોગવાઈ મુજબનો કોઈપણ પ્રતિબંધિત

પદાર્થ કે વગર પાસ પરમીટનો દારૂ મળી આવેલ હોય તેમ શંકાથી પર સાબિત થતુ નથી.

(૧૦) વધુમાં ક્રિમીનલ જયુરીશ્પ્રુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવાનો હોય છે અને આરોપી પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા હોય ત્યાં તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે. તેથી ઉપરોકત કરેલ ચર્ચા અને કારણોસર ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ, જેથી મુદ્દા નં. ૧ નો જવાબ **“<u>નકાર</u>”**માં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–<u>:: આખરી હુકમ ::</u>–**

1. આ કામના આરોપી વિપુલકુમાર અભેસિંહ ચૌહાણનાઓને **ધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ ૨૭૧(૧)** અન્વયે તેની સામેના **<u>ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ, ઈ, ૮૧, ૮૩, ૧૧૬ બી મુજબ</u>** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી <u>''**નિર્દોષ**''</u> ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
2. સદર કામે જપ્ત કરવામાં આવેલ મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે. અને તે સિવાયનો કબજે કરવામાં આવેલ નાશ કરવાને પાત્ર મુદ્દામાલનો નિયમાનુસાર અપીલ સમય પુર્ણ થયા બાદ નાશ કરવાનો અને બાકીના મુદામાલ અપીલ સમય બાદ કાયદાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.
3. **ધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ ૪૮૧** હેઠળ તમામ આરોપીએ રૂા. ૫,૦૦૦/– ના જાતમુચરકો તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા. જો તે રજુ ન કરે તો અગાઉ રજુ કરેલ જામીન તથા જાતમુચરકા હવે પછી છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી તર્ફે નવા જામીન રજુ કર્યેથી અગાઉ રજુ થયેલ જાત મુચરકા તથા જામીન ખત રદૃ ગણવાં

આ હુકમ આજરોજ **તા.૧૫, માહે જુલાઈ, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૫.૦૭.૨૦૨૬** **(જયેશકુમાર પુરૂષોત્તમદાસ પ્રજાપતિ)**

**ડાકોર** **જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ડાકોર**

**Code No. GJ01608**

Civil Judge and J.M.F.C. Dakor